**22.08.2025** પ્રાતઃમુરલી ઓમ શાંતિ બાપદાદા મધુબન

**" મીઠાં બાળકો - તમને કોણ ભણાવવા આવ્યાં છે , વિચાર કરો તો ખુશી માં રોમાંચ ઉભા થઈ જશે , ઊંચા માં ઊંચા બાપ ભણાવે છે , આવું ભણતર ક્યારેય છોડવાનું નથી"**

પ્રશ્ન **:-** હમણાં આપ બાળકો ને કયો નિશ્ચય થયો છે? નિશ્ચયબુદ્ધિ ની નિશાની શું હશે?

ઉત્તર **:-** તમને નિશ્ચય થયો આપણે હમણાં એવું ભણતર ભણી રહ્યાં છીએ, જેનાંથી ડબલ સિરતાજ રાજાઓ નાં રાજા બનીશું. સ્વયં ભગવાન ભણાવીને આપણને વિશ્વ નાં માલિક બનાવી રહ્યાં છે. હમણાં આપણે એમનાં બાળક બન્યાં છીએ તો પછી આ ભણતર માં લાગી જવાનું છે. જેમ નાનાં બાળકો પોતાનાં મા-બાપ સિવાય કોઈની પાસે પણ નથી જતાં. આવાં બેહદ નાં બાપ મળ્યાં છે તો બીજું કોઈ પણ પસંદ ન આવે. એક ની જ યાદ રહે.

ગીત **:-** કોન આયા આજ સવેરે-સવેરે...

ઓમ્ શાંતિ **!** મીઠાં-મીઠાં બાળકોએ ગીત સાંભળ્યું-કોણ આવ્યું છે અને કોણ ભણાવે છે? આ સમજવાની વાત છે. કોઈ ખૂબ બુદ્ધિશાળી હોય છે, કોઈ ઓછા બુદ્ધિશાળી હોય છે. જે ખૂબ ભણેલા-ગણેલા હોય છે, તેમને ખૂબ બુદ્ધિશાળી કહેવાશે. શાસ્ત્ર વગેરે જે પણ ભણેલા-ગણેલા હોય છે, તેમનું માન હોય છે. ઓછું ભણેલા ને ઓછું માન મળે છે. હવે ગીત નાં શબ્દ સાંભળ્યાં - કોણ આવ્યું ભણાવવાં? શિક્ષક આવે છે ને? સ્કૂલ માં ભણવા વાળા જાણે છે શિક્ષક આવ્યાં. અહીં કોણ આવ્યું છે? એકદમ રોમાંચ ઉભા થઈ જવા જોઈએ. ઊંચા માં ઊંચા બાપ ફરી થી ભણાવવા આવ્યાં છે. સમજવાની વાત છે ને? તકદીર ની પણ વાત છે. ભણાવવા વાળા કોણ છે? ભગવાન. એ આવીને ભણાવે છે. વિવેક કહે છે - ભલે કોઈ કેટલું પણ ઊંચા માં ઊચું ભણતર ભણતા હોય, ફટ થી તે ભણતર છોડીને આવી ભગવાન પાસે થી ભણે. એક સેકન્ડ માં બધુંજ છોડી બાપ ની પાસે ભણવા આવે.

બાબાએ સમજાવ્યું છે - હમણાં તમે પુરુષોત્તમ સંગમયુગી બન્યાં છો. ઉત્તમ માં ઉત્તમ પુરુષ છે આ લક્ષ્મી-નારાયણ. દુનિયામાં કોઈને પણ ખબર નથી કે કયા એજ્યુકેશન (ભણતર) થી તેમણે આ પદ મેળવ્યું છે. તમે ભણો છો - આ પદ મેળવવા માટે. કોણ ભણાવે છે? ભગવાન. તો બીજા બધા ભણતર છોડીને આ ભણતર માં લાગી જવું જોઈએ કારણકે બાપ આવે જ છે કલ્પ પછી. બાપ કહે છે - હું દર ૫ હજાર વર્ષ પછી આવું છું સન્મુખ ભણાવવાં. વન્ડર (અદ્દભુત) છે ને? કહે પણ છે ભગવાન અમને ભણાવે છે, આ પદ પ્રાપ્ત કરાવવાં. છતાં પણ ભણતા નથી. તો બાપ કહેશે ને આ સમજુ નથી. બાપ નાં ભણતર પર પૂરું ધ્યાન નથી આપતાં. બાપ ને ભૂલી જાય છે. તમે કહો છો કે બાબા અમે ભૂલી જઈએ છીએ. શિક્ષક ને પણ ભૂલી જાય છે. આ છે માયા નાં તોફાન. પરંતુ ભણતર તો ભણવું જોઈએ ને? વિવેક કહે છે ભગવાન ભણાવે છે તો આ ભણતર માં એકદમ લાગી જવું જોઈએ. નાનાં બાળકો ને જ ભણવાનું હોય છે. આત્મા તો બધાનો છે. બાકી શરીર નાનું-મોટું થાય છે. આત્મા કહે છે હું તમારું નાનું બાળક બન્યો છું. સારું, મારા બન્યાં છો તો હવે ભણો. દૂધ-પાક તો નથી. ભણતર પહેલાં. આમાં ખૂબ અટેન્શન (ધ્યાન) આપવાનું છે. સ્ટુડન્ટ (વિદ્યાર્થી) પછી આવે છે અહીં સુપ્રીમ શિક્ષક ની પાસે. એ ભણાવવા વાળા શિક્ષકો પણ નિશ્ચિત છે. તો પણ સુપ્રીમ શિક્ષક તો છે ને? ૭ દિવસ ની ભઠ્ઠી પણ ગવાયેલી છે. બાપ કહે છે પવિત્ર રહો અને મને યાદ કરો. દૈવીગુણ ધારણ કર્યા તો તમે આ બની જશો. બેહદ નાં બાપ ને યાદ કરવા પડે. નાનાં બાળકો ને મા-બાપ સિવાય બીજા કોઈ ઉપાડે છે તો તેમની પાસે જતા નથી. તમે પણ બેહદ નાં બાપ નાં બન્યાં છો તો બીજા કોઈને જોવાનું પસંદ પણ નહીં આવશે, પછી કોઈ પણ હોય. તમે જાણો છો આપણે ઊંચા માં ઊંચા બાપ નાં છીએ. એ આપણને ડબલ સિરતાજ રાજાઓ નાં રાજા બનાવે છે. લાઈટ નો તાજ મનમનાભવ અને રત્ન જડિત તાજ મધ્યાજીભવ. નિશ્ચય થઈ જાય છે આપણે આ ભણતર થી વિશ્વ નાં માલિક બનીએ છીએ. ૫ હજાર વર્ષ પછી હિસ્ટ્રી રિપીટ થાય છે ને? તમને રાજાઈ મળે છે. બાકી બધા આત્માઓ શાંતિધામ પોતાનાં ઘરે ચાલ્યાં જાય છે. હમણાં આપ બાળકો ને ખબર પડી છે - અસલ માં આપણે આત્માઓ બાપ ની સાથે પોતાનાં ઘર માં રહીએ છીએ. બાપ નાં બનવાથી હમણાં તમે સ્વર્ગ નાં માલિક બનો છો પછી બાપ ને ભૂલી ઓરફન (અનાથ) બની જાઓ છો. ભારત આ સમયે ઓરફન છે. ઓરફન એમને કહેવાય છે જેમનાં મા-બાપ નથી હોતાં. ધક્કા ખાતા રહે છે. તમને તો હવે બાપ મળ્યાં છે, તમે આખા સૃષ્ટિ ચક્ર ને જાણો છો

તો ખુશી માં ગદ્દગદ્દ થવું જોઈએ. આપણે બેહદ નાં બાપ નાં બાળકો છીએ. પરમપિતા પરમાત્મા પ્રજાપિતા બ્રહ્મા દ્વારા નવી સૃષ્ટિ બ્રાહ્મણો ની રચે છે. આ તો ખૂબ સહજ સમજવાની વાત છે. તમારા ચિત્ર પણ છે, વિરાટ રુપ નું ચિત્ર પણ બનાવ્યું છે. ૮૪ જન્મો ની કહાણી દેખાડી છે. હમ સો દેવતા પછી ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર બનીએ છીએ. આ કોઈ પણ મનુષ્ય નથી જાણતા કારણકે બ્રાહ્મણ અને બ્રાહ્મણો ને ભણાવવા વાળા બાપ નું, બંને નું નામ-નિશાન ગુમ કરી દીધું છે. ઈંગ્લીશ માં પણ તમે લોકો સારી રીતે સમજાવી શકો છો. જે ઈંગ્લીશ જાણે છે તો ટ્રાન્સલેશન (અનુવાદ) કરી પછી સમજાવું જોઈએ. ફાધર નોલેજફુલ છે, એમને જ આ નોલેજ છે કે સૃષ્ટિ નું ચક્ર કેવી રીતે ફરે છે! આ છે ભણતર. યોગ ને પણ બાપ ની યાદ કહેવાય છે, જેને અંગ્રેજી માં કમ્યુનિયન કહેવાય છે. બાપ સાથે કમ્યુનિયન, ટીચર સાથે કમ્યુનિયન, ગુરુ સાથે કમ્યુનિયન. આ છે ગોડફાધર સાથે કમ્યુનિયન. સ્વયં બાપ કહે છે મને યાદ કરો બીજા કોઈ પણ દેહધારી ને યાદ ન કરો. મનુષ્ય ગુરુ વગેરે કરે છે, શાસ્ત્ર વાંચે છે. મુખ્ય-ઉદ્દેશ કાંઈ પણ નથી. સદ્દગતિ તો થતી નથી. બાપ તો કહે છે હું આવ્યો છું બધાને પાછા લઈ જવાં. હવે તમારે બાપ ની સાથે બુદ્ધિ નો યોગ રાખવાનો છે, તો તમે ત્યાં જઈ પહોંચશો. સારી રીતે યાદ કરવાથી વિશ્વ નાં માલિક બનશો. આ લક્ષ્મી-નારાયણ પેરેડાઇઝ (વૈકુંઠ) નાં માલિક હતાં ને? આ કોણ સમજાવવા વાળું છે? બાપ ને કહેવાય છે નોલેજફુલ. મનુષ્ય પછી કહી દે છે અંતર્યામી. હકીકત માં અંતર્યામી શબ્દ નથી. અંદર રહેવા વાળો, નિવાસ કરવા વાળો તો આત્મા છે. આત્મા જે કામ કરે છે, તે તો બધા જાણે છે. બધા મનુષ્ય અંતર્યામી છે. આત્મા જ શીખે છે. બાપ આપ બાળકો ને આત્મ-અભિમાની બનાવે છે. તમે આત્મા છો મૂળવતન નાં રહેવા વાળા. તમે આત્મા કેટલાં નાનાં છો. અનેકવાર તમે આવ્યાં છો પાર્ટ ભજવવાં. બાપ કહે છે હું બિંદુ છું. મારી પૂજા તો કરી નથી શકતાં. કેમ કરશે, જરુર જ નથી. હું આપ આત્માઓ ને ભણાવવા આવું છું. તમને જ રાજાઈ આપું છું પછી રાવણ રાજ્ય માં ચાલ્યાં જાઓ છો તો મને જ ભૂલી જાઓ છો. પહેલાં-પહેલાં આત્મા આવે છે પાર્ટ ભજવવાં. મનુષ્ય કહે છે ૮૪ લાખ જન્મ લઈએ છીએ. પરંતુ બાપ કહે છે મેક્સિમમ (વધુમાં વધુ) છે જ ૮૪ જન્મ. ફોરેન માં જઈને આ વાતો સંભળાવશો તે કહેશે આ નોલેજ તો અમને અહીં બેસીને ભણાવો. તમને ત્યાં ૧૦૦૦ રુપિયા મળે છે, અમે તમને ૧૦-૨૦ હજાર રુપિયા આપીશું. અમને પણ નોલેજ સંભળાવો. ગોડફાધર આપણને આત્માઓ ને ભણાવે છે. આત્મા જ જજ (ન્યાયાધીશ) વગેરે બને છે. બાકી મનુષ્ય તો બધા છે દેહ-અભિમાની. કોઈને પણ જ્ઞાન નથી. ભલે મોટાં-મોટાં ફિલોસોફર (તત્વજ્ઞાની) વગેરે ઘણાં છે, પરંતુ આ નોલેજ કોઈને પણ નથી. ગોડફાધર (પરમપિતા) નિરાકાર ભણાવવા આવે છે. આપણે એમની પાસે થી ભણીએ છીએ, આ વાતો સાંભળીને ચક્તિ થઈ જશે. આ વાતો તો ક્યારેય સાંભળી-વાંચી નથી. એક બાપ ને જ કહો છો લિબ્રેટર (મુક્તિદાતા), ગાઈડ (માર્ગદર્શક) જ્યારે એ જ લિબ્રેટર છે તો પછી ક્રાઈસ્ટ ને કેમ યાદ કરો છો? આ વાતો સારી રીતે સમજાવો તો તે ચક્તિ થઈ જશે. કહેશે આ અમે સાંભળીયે તો ખરા. પેરેડાઇઝ ની સ્થાપના થઈ રહી છે, એનાં માટે આ મહાભારત લડાઈ પણ છે. બાપ કહે છે હું તમને રાજાઓ નાં રાજા ડબલ સિરતાજ બનાવું છું. પ્યોરિટી (પવિત્રતા), પીસ (શાંતિ), પ્રોસપર્ટી (સમૃદ્ધિ) બધું હતું. વિચાર કરો, કેટલાં વર્ષ થયાં? ક્રાઈસ્ટ થી ૩ હજાર વર્ષ પહેલાં એમનું રાજ્ય હતું ને? કહેશે આ તો સ્પ્રિચ્યુઅલ (આધ્યાત્મિક) નોલેજ છે. આ તો ડાયરેક્ટ એ સુપ્રીમ ફાધર નાં બાળક છે, એમની પાસે થી રાજયોગ શીખી રહ્યાં છે. વર્લ્ડ ની હિસ્ટ્રી-જોગ્રોફી કેવી રીતે રિપિટ (પુનરાવૃત્તિ) થાય છે, આ બધી નોલેજ છે. આપણા આત્મા માં ૮૪ જન્મો નો પાર્ટ ભરેલો છે. આ યોગ ની તાકાત થી આત્મા સતોપ્રધાન બની ગોલ્ડન એજ (સ્વર્ણિમયુગ) માં ચાલ્યો જશે, પછી તેનાં માટે રાજ્ય જોઈએ. જૂની દુનિયાનો વિનાશ પણ જોઈએ. તે સામે છે પછી એક ધર્મ નું રાજ્ય હશે. આ પાપ આત્માઓ ની દુનિયા છે ને? હમણાં તમે પાવન બની રહ્યાં છો, બોલો આ યાદ નાં બળ થી અમે પવિત્ર બનીએ છીએ બીજા બધાનો વિનાશ થઈ જશે. નેચરલ કેલામિટીઝ (કુદરતી આપદાઓ) પણ આવવાની છે. અમારું રીયલાઈઝ (અનુભવ) કરેલું છે અને દિવ્ય દૃષ્ટિ થી જોયેલું છે. આ બધું ખલાસ થવાનું છે. બાપ આવ્યાં છે ડીટી વર્લ્ડ (દૈવી દુનિયા) સ્થાપન કરવાં. સાંભળીને કહેશે ઓહો! આ તો ગોડફાધર નાં બાળકો છે. આપ બાળકો જાણો છો આ લડાઈ લાગશે, નેચરલ કેલામિટીઝ થશે. શું હાલ થશે? આ મોટાં-મોટાં મકાન વગેરે બધા પડવા લાગી જશે. તમે જાણો છો આ બોમ્બ્સ વગેરે ૫ હજાર વર્ષ પહેલાં પણ બનાવ્યાં હતાં પોતાનાં જ વિનાશ માટે. હમણાં પણ બોમ્બ્સ તૈયાર છે. યોગબળ શું ચીજ છે, જેનાંથી તમે વિશ્વ પર વિજય મેળવ્યો છો, બીજા કોઈ થોડી જાણે છે? બોલો, સાયન્સ (વિજ્ઞાન) તમારો જ વિનાશ કરે છે. અમારો બાપ ની સાથે યોગ છે તો તે સાઈલેન્સ (શાંતિ) નાં બળ થી અમે વિશ્વ પર જીત મેળવીને સતોપ્રધાન બની જઈએ છીએ. બાપ જ પતિત-પાવન છે. પાવન દુનિયા જરુર સ્થાપન કરીને જ છોડશે. ડ્રામા અનુસાર નોંધ છે. બોમ્બ્સ જે બનાવ્યાં છે તે રાખી દેશે શું? આવું-આવું સમજાવશો તો સમજશે આ તો કોઈ ઓથોરિટી (સત્તા) છે, આમનાં માં ભગવાને આવીને પ્રવેશ કર્યો છે. આ પણ ડ્રામા માં નોંધ

છે. આવી-આવી વાતો બતાવતા રહેશો તો તેઓ ખુશ થશે. આત્મા માં કેવી રીતે પાર્ટ છે, આ પણ અનાદિ પૂર્વ નિર્ધારિત ડ્રામા છે. પછી પોતાનાં સમય પર ક્રાઈસ્ટ આવીને તમારો ધર્મ સ્થાપન કરશે. એવી ઓથોરિટી થી બોલશો તો તેઓ સમજશે બાપ બધા બાળકો ને સમજાવે છે. તો આ ભણતર માં બાળકોએ લાગી જવું જોઈએ. બાપ, શિક્ષક, ગુરુ ત્રણે એક જ છે. એ કેવી રીતે નોલેજ આપે છે, આ પણ તમે સમજો છો. બધાને પવિત્ર બનાવીને લઈ જાય છે. ડીટી ડિનાયસ્ટી (દૈવી રાજધાની) હતી તો પવિત્ર હતાં. ગોડ-ગોડેઝ (ભગવાન-ભગવતી) હતાં. વાત કરવાવાળા ખૂબ હોંશિયાર હોય, સ્પીડ પણ સારી હોય. બોલો બાકી બધા આત્માઓ સ્વીટહોમ માં રહે છે. બાપ જ લઈ જાય છે, સર્વ નાં સદ્દગતિ દાતા એ બાપ છે. તેમનું બર્થ પ્લેસ (જન્મભૂમી) છે ભારત. આ કેટલું મોટું તીર્થ થઈ ગયું.

તમે જાણો છો બધાએ તમોપ્રધાન બનવાનું જ છે. પુનર્જન્મ બધાને લેવાનો છે, પાછું કોઈ પણ જઈ નથી શકતું. આવી-આવી વાતો સમજાવવા થી ખૂબ વન્ડર (આશ્ચર્ય) ખાશે. બાબા તો કહે છે જોડી હોય તો ખૂબ સારું સમજાવી શકે છે. ભારત માં પહેલાં પવિત્રતા હતી. પછી અપવિત્ર કેવી રીતે થાય છે. આ પણ બતાવી શકો છો. પૂજ્ય જ પુજારી બની જાય છે. ઇમપ્યોર (અપવિત્ર) બનવા થી પછી પોતાની જ પૂજા કરવા લાગે છે. રાજાઓ નાં ઘર માં પણ આ દેવતાઓ નાં ચિત્ર હોય છે, જે પવિત્ર ડબલ સિરતાજ હતાં તેમને તાજ વગર નાં અપવિત્ર પૂજે છે. તે થઈ ગયા પુજારી રાજાઓ. તેમને તો ગોડ-ગોડેઝ નહીં કહેવાશે કારણકે આ દેવતાઓ ની પૂજા કરે છે. પોતેજ પૂજ્ય, પોતેજ પુજારી, પતિત બની જાય છે તો રાવણ રાજ્ય શરું થઈ જાય છે. આ સમયે રાવણ રાજ્ય છે. આવું-આવું સમજાવો તો કેટલી મજા કરીને દેખાડે. ગાડી નાં બે પૈડા યુગલ હોય તો ખૂબ વન્ડર કરીને દેખાડે. અમે યુગલ જ પછી સો પૂજ્ય બનીશું. અમે પ્યોરિટી, પીસ, પ્રાસપર્ટી નો વારસો લઈ રહ્યાં છીએ. તમારા ચિત્ર પણ નીકળતા રહે છે. આ છે ઈશ્વરીય પરિવાર. બાપ નાં બાળકો છે, પૌત્રા અને પૌત્રીઓ છે, બસ બીજો કોઈ સંબંધ નથી. નવી સૃષ્ટિ આને કહેવાય છે પછી દેવી-દેવતા તો થોડા બનશે. પછી ધીમે-ધીમે વૃદ્ધિ થાય છે. આ નોલેજ કેટલી સમજવાની છે. આ બાબા પણ ધંધા માં જેમ નવાબ હતાં. કોઈ વાત ની પરવા નહોતી રહેતી. જ્યારે જોયું આ તો બાપ ભણાવે છે, વિનાશ સામે છે તો ફટ થી છોડી દીધું. આ જરુર સમજ્યું મને બાદશાહી મળે છે તો પછી ગદાઈ શું કરીશ? તો તમે પણ સમજો છો ભગવાન ભણાવે છે, આ તો પૂરી રીતે ભણવું જોઈએ ને? એમની મત પર ચાલવું જોઈએ. બાપ કહે છે સ્વયં ને આત્મા સમજી બાપ ને યાદ કરો. બાપ ને તમે ભૂલી જાઓ છો, શરમ નથી આવતી, તે નશો નથી ચઢતો. અહીં થી ખૂબ સારા રિફ્રેશ થઈ જાય છે પછી ત્યાં સોડાવોટર થઈ જાય છે. હમણાં આપ બાળકો પુરુષાર્થ કરો છો - ગામડે-ગામડે સર્વિસ (સેવા) કરવાનો. બાબા કહે છે પહેલાં-પહેલાં તો આ બતાવો કે આત્માઓ નાં બાપ કોણ છે. ભગવાન તો નિરાકાર જ છે. એ જ આ પતિત દુનિયા ને પાવન બનાવશે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રત્યે માત-પિતા, બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકો ને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. સ્વયં ભગવાન સુપ્રીમ શિક્ષક બનીને ભણાવી રહ્યાં છે એટલે સારી રીતે ભણવાનું છે, એમની મત પર ચાલવાનું છે.
2. બાપ ની સાથે એવો યોગ રાખવાનો છે જેનાંથી સાઈલેન્સ નું બળ જમા થાય. સાઈલેન્સ બળ થી વિશ્વ પર જીત મેળવવાની છે, પતિત થી પાવન બનવાનું છે.

વરદાન :- સમય અને સંકલ્પો ને સેવા માં અર્પણ કરવા વાળા વિધાતા , વરદાતા ભવ

હવે સ્વ ની નાની-નાની વાતો ની પાછળ, તન ની પાછળ, મન ની પાછળ, સાધનો ની પાછળ, સંબંધ નિભાવવા ની પાછળ સમય અને સંકલ્પ લગાવવાના બદલે એને સેવા માં અર્પણ કરો, આ સમર્પણ સમારોહ મનાવો. શ્વાસોશ્વાસ સેવા ની લગન હોય, સેવા માં મગન રહો. તો સેવા માં લાગવા થી સ્વ ઉન્નતિ ની ગિફ્ટ સ્વતઃ પ્રાપ્ત થઈ જશે. વિશ્વ કલ્યાણ માં સ્વ કલ્યાણ સમાયેલું છે એટલે નિરંતર મહાદાની, વિધાતા અને વરદાતા બનો.

સ્લોગન :- પોતાની ઈચ્છાઓ ને ઓછી કરી દો તો સમસ્યાઓ ઓછી થઈ જશે.

અવ્યક્ત ઈશારા - સહજયોગી બનવું છે તો પરમાત્મ - પ્રેમ નાં અનુભવી બનો

જેવી રીતે લૌકિક રીતે થી કોઈ, કોઈ નાં સ્નેહ માં લવલીન હોય છે તો ચહેરા થી, નયનો થી, વાણી થી અનુભવ થાય છે કે આ લવલીન છે, આશિક છે, એવી રીતે જે સમયે સ્ટેજ પર આવો છો તો જેટલો પોતાની અંદર બાપ નો સ્નેહ ઈમર્જ થશે એટલાં સ્નેહ નાં બાણ બીજાઓ ને પણ સ્નેહ માં ઘાયલ કરી દેશે.